# બિનસરકારી માધ્યમિક શાળના ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટેના કર્મચારીઓને વિવિધ લાભો મળવા બાબત..

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક : ઉમશ–૧૧૮૩–૧૧૪૨૪–ગ–૧,
નવા સચિવાલય, ગાંધીનગર તા. ૩૧–૧૨–૧૯૮૩

**વંચાણમાં લીધા :** (૧) ભૂતપૂર્વ શિક્ષણ અને મંજુર વિભાગનો તા.૨૧–૧૨–૭૧ નો વખતો વખત સુધારેલો પેન્શન યોજના અંગેનો સરકારી ઠરાવ ક્રમાંક : એસએસએન ૩૪૭૦/૪૧૪૫/ગ અને તા. ૨૪–૧૧–૭૭ નો (વખતો વખત સુધારેલો પ્રોવિડન્ડ ફંડ યોજના અંગેન ઠરાવ ક્રમાંક : એસ.એસ.એન.૩૪૭૭/૩૬૦૪૧/ગ અને સીધા પગારની યોજના અંગેનો તા. ૧૫–૯–૭૭ નો (વખતો વખત સુધારેલો) ઠરાવ ક્રમાંક : ટીજેઆર ૧૦૭૨/૯૨૮૨૩/ જી.

(૨) શિક્ષણ વિભાગનો તા. ૭–૨–૮૦ નો સરકારી ઠરાવ ક્રમાંક : બમશ–૧૧૭૯–૬૬૩૨૨–ગ (લીવએનકેશનમેન્ટ અંગે)

(૩) શિક્ષણ વિભાગનો તા. ૫–૩–૮૦ નો સરકારી ઠરાવ ક્રમાંક : બમશ–૧૩૭૯–ખા–૫૫૩૫–ગ (એલટીસી અન મેડીકલ બેનિફિટ અંગે)

(૪) શિક્ષણ વિભાગનો તા.૧૩–૯–૮૩ નો સરકારી ઠરાવ ક્રમાંક : બમશ–૧૩૭૯–૪૫૦૬૦ (૮૩)–ગ (જી.પી.એફ. ડિપોઝીટ લિન્કડ ઈન્સ્યોરન્સ સ્કિમ)

(૫) ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિમય ૩૦ અને ૩૧ અનુસારની રજાઓ

પરિપત્ર :– રાજયમાં ૧૦ + ૨ શિક્ષણની નવી રાહ તરાહ હેઠળ વિવિધ પ્રવાહોમાં નકકી કરેલા અભ્યાસક્રમ પ્રમાણેનું શિક્ષણ આપવાની જોગવાઈ અત્યારે ૧૩૧૪ જેટલા માધ્યમિક શાળાઓમાં છે અને તા.૩૧–૧૨–૭૬ ના ઠરાવ ક્રમાંક ઈ.ડી.એસ ૯૧૭૬/૧૭૫૯૭–ગ અનુસાર ધો.૮ અને ૧૨ ને સંલગ્ન ગણવામાં આવ્યા છે તે દ્રષ્ટિએ ઉચ્ચતર માધ્યમિક વિભાગના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફના પગાર અને ભથ્થાની આકારણી કરીને તેનુ ચૂકવણુ કરવામાં આવ છે. પરંતુ અમુક અમુક જિલ્લામાંની કેટલીક શાળાઓને તેના ઉચ્ચતર માધ્યમિક વિભાગના કર્મચારીઓના પ્રોવિડન્ડ ફંડના ખાતા ખોલ્યા નથી. અને તે અંગેની કપાત થતી નથી. વળી, માધ્યમિક વિભાગના કર્મચારીઓના પ્રોવિડન્ડ ફંડના ખાતા ખોલ્યા નથી. અને તે અંગેની કપાત થતી નથી. વળી, માધ્યમિક વિભાગના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફના સભ્યોને જે અન્ય લાભો (જેવા કે લીવ એનકેશમેન્ટ, રજાઓ મેડીકલ બેનિફિટ ઈત્યાદી) ઉપર આમુખમાં દર્શાવેલ હુકમો અન્વયે મળે છે. તે ઉચ્ચતર માધ્યમિક વિભાગના સ્ટાફના સભ્યોને અલાયદા અને સરકારના સ્પષ્ટ હુકમો હોય તો જ આપી શકાય તેવા હુકમોના અભાવે તે અંગેના ખર્ચ ભવિષ્યમાં અમાન્ય થાય તો

શાળાઓ પાસેથી વસુલાત કરવાના પ્રશ્નો આવે એવી શાળાઓને દહેશત રહેતી નથી. આ અંગે ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળે તથા જિલ્લા કક્ષાના ઘટક સંઘોએ પણ રજુઆત કરી છે કે આ બાબતમાં સરકારે એક સર્વગ્રાહી સૂચના બહાર પાડવી જોઈએ અને રાજયની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તેના અમલમાં એકસૂત્રતા જળવાય તેમ કરવું જોઈએ. સબબ, આથી આવી સ્પષ્ટતા બહાર પાડવામાં આવે છે કે, ઉપર આમુખમાં જણાવેલ વિવિધ લાભો અંગેના જે તે હુકમો અનુદાન માટે માન્ય એવી ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે સીધી ભરતીથી નિયમાનુસાર નિમાયેલા જે તે શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓને પણ મળવાપાત્ર છે. તો તે લાભ મળવા અંગેના હુકમોનો તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અમલ થાય તે માટે સંયુકત શિક્ષણ નિયામક(૧૦+ર ખાસ ઘટક) ગુજરાત રાજય અમદાવાદ તથા તમામ જિલ્લા શિક્ષણાધિકારી ઓને આથી વિનંતી કરવામાં આવે છે કે આ સ્પષ્ટતા તેમના તાબા હેઠળની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ઘ્યાન ઉપર આવે તેવી કાર્યવાહી હાથ ધરવી.

૩. આ પરિપત્ર વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની સંમતિ તા. ર૦–૧ર–૧૯૮૩ ના રોજ મળ્યા બાદ બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(સહી) વી.આર. રાણા**
સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ.